# શ્રી ભગવાન મહાવીરસ્વામી

## નું શાસન

# શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ : સિધ્ધાંત બોધ લેવો અને સિધ્ધાંત બોધ આપવો

**૧. સિધ્ધાંત બોધ માનવો.................. જૈનપણાંનું સાર્થકપણું**
**૨. સિધ્ધાંત બોધ જાણવો .................. માર્ગાનુસારીપણાનું કારણ**
**૩. સિધ્ધાંત બોધ શ્રધ્ધવો .................. તે સમકિતનું કારણ**
**૪. સિધ્ધાંત બોધ અનુભવવો............... તે ક્ષાયિકસમકિતનું કારણ**
**૫. સિધ્ધાંત બોધ પ્રકાશવો................. તે કેવળજ્ઞાનનું કારણ**

**સિધ્ધાંત બોધની વિરાધનાનું ફળ શું ?**
**અને ઉપદેશબોધની આરાધનાનું ફળ શું ?**

## જૈનો જાગો

**લેખાંક : ૨૩**

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુનઃ મુદ્રણ**

આપણને આગળના બાવીસ (૨૨) લેખાંકોમાં મોક્ષમાર્ગ વિશેની મુખ્ય મુખ્ય સમજણની વિચારણા કરી, જેમ કે શ્રી પરમાત્માનું ઉપકારીપણું, માતાપિતાનું પરમ ઉપકારીપણુ અને શ્રી નમસ્કાર મહામંત્રના પ્રથમ પાંચ પદોનું ઉપકારીપણું, સદ્‌ગુરૂની જરૂરીયાત (આશ્રિતપણું), અસદ્‌ગુરૂના કારણે ભવભ્રમણમાં ભટકવું (સ્વચ્છંદના દોષથી અને સત્યની ઝુરણાના અભાવે) અને જગતના સ્વરૂપથી અજ્ઞાનપણું વિગેરે કારણોની વિચારણા કરી. મોક્ષમાર્ગમાં પ્રવેશવાના માર્ગને (જ્ઞાનને) સિધ્ધાંત બોધ કહેવાય. એ સિધ્ધાંત બોધના સ્વરૂપ વિષેની સમજણ આપણે આગળનાં **લેખાંક નં ૨** માં કરી હતી. માર્ગાનુસારીપણું પ્રાપ્ત કરવાથી લઈને પૂર્ણ જ્ઞાન સુધી આધ્યાત્મિકમાં જે માર્ગે અને જે બોધથી બાળજીવો ચાલે છે શ્રી પરમાત્માએ સ્થાપેલો (પ્રકાશેલો) બોધ તે આત્મબોધ અથવા સિધ્ધાંતબોધ કહેવાય. હવે સિધ્ધાંતબોધના પરિણામો, ગુણધર્મો, લક્ષણો અને ભવભવાંતરમાં અત્યંત દુર્લભ એવા આત્મબોધની વિચારણા કરીએ.

*** સત્સંગ ***
**જે જ્ઞાને કરીને જીવ, જ્ઞાનના જાણકારને જાણે,**
**તે**
**જ્ઞાનનું બીજું નામ સિધ્ધાંત જ્ઞાન (બોધ) કહેવાય.**

સિધ્ધાંત બોધ (આત્મ બોધ) તેને કહેવાય કે જે કોઈપણ કાળે, કોઈપણ ક્ષેત્રે, કોઈપણ મોક્ષમાર્ગી ધર્મે, કોઈપણ વેશે, કોઈપણ લિંગે અને કોઈપણ વયે જે સિધ્ધાંતમાં ફેરફાર ન હોય, સર્વ સ્થિતીએ જેના નિયમો અટલ હોય અને જે નિયમોમાં જીવ જાણતા કે અજાણતા આવી જાય તેને પરિણામની પ્રાપ્તિ થાય તેવા સર્વ કાળે જે એક ધર્મ છે તે ધર્મને સિધ્ધાંત બોધ (આત્મધર્મ) કહેવાય. અને તેવા આત્મધર્મની શ્રી પરમાત્માએ બાળજીવો માટે સર્વ કાળે અત્યંત દુર્લભતા કહેલ છે. અને પાંચમાં આરા માટે (કળિયુગમાં) આત્મધર્મને જંગલમાં સાંકડી કેડી જેવો સરખાવ્યો છે. તેવા અત્યંત દુર્લભ એવા સિધ્ધાંત બોધની વિચારણા કરીએ.

**સિધ્ધાંત બોધ = આત્મબોધ = આત્મધર્મ = આત્મજ્ઞાન,**
**આત્માને ઉર્ધ્વગામી બનાવનાર બોધ તેનું નામ સિધ્ધાંત બોધ**

**અજ્ઞાનમાંથી કેવળજ્ઞાન સુધી લઈ જાય**
**તેનું નામ સિધ્ધાંત બોધ**
**અને નરક, દેવ, તિર્યંચ અને મનુષ્ય**
**ગતિમાં ફેરવાવે તેનું નામ ઉપદેશ બોધ**

૧. જે બોધની સમજણથી જીવમાં શ્રી પરમાત્માએ પ્રકાશેલા નવ તત્વો અને મુખ્ય જીવ-અજીવ તત્વનું સ્થાપન થાય તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૨. જે બોધની સમજણથી જીવને ચાર ગતિમાંથી મુક્તિ અને પાંચમી એવી મોક્ષગતિનું કારણ બને તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૩. જે બોધની સમજણથી જીવને આત્મા અને આત્માને લગતા પદાર્થો (કર્મરજથી) તેની સાચી સમજણ મળે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૪. જે બોધની સમજણ જીવને ભવભ્રમણમાંથી છોડાવે અને મોક્ષ પમાડે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૫. જે બોધની સમજણથી જીવને જગતના સર્વ પદાર્થોમાં અરૂચિ થાય અને શ્રી પરમાત્મામાં રૂચિ કરાવે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૬. જે બોધની સમજણ જીવને અનંત ભવભ્રમણથી જે સ્વભાવ બની ગયો (કષાય સહીતનો સંસારભાવ) તેને વિભાવ કરાવે અને જે અનંત ભવભ્રમણથી આત્મિક ગુણો વિભાવમાં પડેલા છે તેને સ્વભાવ બનાવે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૭. જે બોધની સમજણ જીવને આત્માને જાગૃત કરાવે, આત્માની ચર્ચા વિચારણા કરાવે અને આત્મસ્વરૂપની પ્રાપ્તિ અર્થે પુરૂષાર્થ કરાવે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૮. જે બોધની સમજણ જીવને સંસારભાવમાંથી ક્રમિક રીતે પાછો વાળીને આત્મભાવમાં ક્રમિક રીતે ચડાવે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૯. જે બોધની સમજણ જીવને ભવભ્રમણનું અત્યંત વેદન કરાવે અને મુક્તિ માટેની ઝંખના જગાવે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૦. જે બોધની સમજણથી જીવને મોક્ષની ઝુરણા જાગે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૧. જે બોધની સમજણથી જીવને સંસાર અસાર લાગે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૨. જે બોધની સમજણથી જીવને સંસારનું સ્વરૂપ જાણવા મળે (અજ્ઞાન) ટળે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૩. જે બોધની સમજણથી જીવને અંર્તમુખીપણું પ્રાપ્ત થાય તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૪. જે બોધની સમજણથી જીવને અંતરવૈરાગ્ય પ્રાપ્ત થાય તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૫. જે બોધની સમજણથી જીવને સંસાર પ્રત્યે ઉદાસીનતા આવે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૬. જે બોધની સમજણથી જીવ સંસારભાવ કરતા આત્મભાવ વિશેષપણે પામે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૭. જે બોધની સમજણથી જીવનું બર્હીમુખીપણું ટળે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૮. જે બોધની સમજણથી જીવ કાળ મર્યાદાનું સમકિત પામે (શ્રી તીર્થંકરનાં સમવસરણમાં) તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૧૯. જે બોધની સમજણથી જીવ ભાવે માર્ગાનુસારીપણું પામે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૨૦. જે બોધની સમજણથી જીવ જ્ઞાનીને ઓળખી શકે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૨૧. જે બોધની સમજણથી જીવ સમકિત પામે (વધીને ૧૫ ભવે) તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૨૨. જે બોધની સમજણથી જીવ સમાધિમરણ પામે (વધીને ૮માં ભવે) તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૨૩. જે બોધની સમજણથી જીવ ક્ષાયિક સમકિત પામે (વધીને ૩ ભવે) તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૨૪. જે બોધની સમજણથી જીવ આત્મસાક્ષાત્કાર પામે અને તેમાંથી (આત્મામાંથી) જે બોધ પ્રકાશીત થાય તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

*** સત્સંગનું ફળ ***
**જે જ્ઞાન થકી જીવ, ઉપયોગીનું ઉપયોગીપણું,**
**ઉપયોગપૂર્વક, ઉપયોગીપણું ઉદયમાં અનુભવે,**
**તે**
**ઉપયોગને સિધ્ધાંત બોધ કહેવાય.**

૨૫. જે બોધની સમજણથી જીવ એક અવતારીપણું પામે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૨૬. જે બોધની સમજણથી જીવ ઈચ્છારહીતની સ્થિતી પ્રાપ્ત કરે અને જે બોધ (આત્મામાં)થી પ્રગટ થાય તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૨૭. જે બોધની સમજણથી જીવ કેવળજ્ઞાન પામે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૨૮. જે બોધની સમજણથી જીવને સર્વ સમય માટે સર્વે તત્વોનો સાક્ષાત્કાર થાય અને તેમાંથી સર્વે તત્વોનું જ્ઞાન પ્રકાશીત થાય તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૨૯. જગતના સઘળાં મોક્ષમાર્ગી ધર્મોના સ્થાપકો (શ્રી પરમાત્મા)એ આપેલા જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૩૦. જગતનાં સર્વ જ્ઞાની પુરૂષોએ આપેલા જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૩૧. સર્વ કાળે અને સર્વ ક્ષેત્રથી શ્રી તીર્થંકર પરમાત્માએ જે બોધ પ્રકાશ્યો તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

જીવે જ્યારે પણ મોક્ષમાર્ગમાં આવવું હશે અને મોક્ષમાર્ગ પામવો હશે (આ ભવે, આવતા ભવે અથવા અનંત ભવે, આ ક્ષેત્રથી કે અન્ય ક્ષેત્રથી) ત્યારે તેમણે જે બોધ પામવો પડશે (આરાધવો) તે બોધનું નામ 'સિધ્ધાંત બોધ' છે.

**સર્વ કાળે એક સિધ્ધાંત**
**સર્વ ક્ષેત્રે એક સિધ્ધાંત**
**સર્વ જીવોને માટે એક સિધ્ધાંત**
**અને તેનું ફળ મોક્ષ એક સિધ્ધાંત**

આવતા લેખાંકમાં યોગે કરીને વિચારણા કરીશું

ક્રમશ :

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઇપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઇપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઇપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઇપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઇપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઇને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.